૬૮ c

ક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

ંપાદનઃ ગિજુભાઈ • તારાબેન

# હંસ અને હંસા

1600049



શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૯ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# હંસ અને હંસા

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ
૧૪૮

卐

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૪ પચાસ પૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અ નુ ક્ર મ

| | |
|---|---|
| હંસ અને હંસા . . | ૩ |
| ચકલી એકલી હતી . . | ૫ |
| લાવરી અને તેનાં બચ્ચાં | ૮ |
| પીપળો અને મોર . . | ૧૮ |
| ઋષિ અને ચકલી . . | ૨૧ |
| ચકો ને ચકી . . . | ૨૪ |
| સવાર પડે ને બા દાણા વેરે | ૨૮ |

કુલ નકલ ૧૪,૪૩૫

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | સાતમું મુદ્રણ |
| ચાર મુદ્રણો | ૭ મુદ્રણો | ૧૧૫૦ નકલો |
| કુલ ૫૩૩૫ | ૭૯૫૦ નકલો | ૨૮ : ૮ : '૬૪ |

# હંસ અને હંસા

## હંસ અને હંસા

સરોવર હતું. મીઠાં મીઠાં જળ; રંગબેરંગી માછલીઓ; લાલ ધોળાં કમળ.

એમાં એક હંસ; દૂધ જેવો ઊજળો. કાંઠે એક ડોશી રહે; હંસા એની દીકરી.

હંસ અને હંસા કાંઈ ભાઈબંધ! સવાર થાય, સૂરજ ઊગે, કમળ ઊઘડે ને હંસા આવે.

હંસા લાવે મમરા ને દાળિયા, શિંગો ને રેવડી, દ્રાક્ષ ને આલુ, બદામ ને કાજુ.

હંસ લાવે કમળફૂલ, પાંદડાં અને દંડ. કોઈ વાર જાતજાતની વેલ લાવે; કોઈ વાર ભાતભાતનાં પાન લાવે.

હંસ ભાતું ખાય ને હંસા અંબોડે કમળ ખોસે. હંસા વાતો કરે ને હંસ સાંભળે. હંસ કાંઈ બોલે છે? એ તો મૂંગો.

પણ હંસ ખોળે બેસીને લાંબી ડોક ફેરવીને ગેલ કરે. હંસા હાથ ફેરવે, પીઠ થાબડે ને બચી લે. બપોર થાય, સૂરજ તપે, પણ છૂટાં કોણ પડે?

મા બોલાવે ત્યારે હંસા માંડમાંડ જમવા જાય. ને ત્યારે હંસને કે'તી જાય: "આ હમણાં આવી; આઘો જઈશ મા, હો!"

હંસ ક્યાં યે શું કામ જાય?

દી બધો વાતોમાં જાય. ઘડીક બોલે ને ઘડીક મૂંગાં રહે. ઘડીક હસે ને ઘડીક રમે. હંસ પાણી ઉડાડે તો હંસા ફૂલ ફેંકે. હંસ આઘે જાય તો હંસા વાંસે જાય.

સાંજ પડે. હંસા ઘેર જાય. કે'તી જાય કે તારા ગણી રાખજે ને ચાંદનીનું અજવાળું જોઈ રાખજે, ને સવારે બધું કે'જે.

# ચકલી એકલી હતી

ચકલી એકલી હતી; ચકલો એકલો હતો.

ચકલી એકલી ચણે;
ચકલો એકલો ચણે.
ચકલી એકલી ઊડે;
ચકલો એકલો ઊડે.

બળબળતો ઉનાળો ગયો;
ધડધડતો વરસાદ ગયો;
કડકડતો શિયાળો ગયો.

વસંત આવી.
મધુરા વા વાયા,
કૂણાં કૂંપળ ફૂટ્યાં,
ને કેસરી કિરણ ઊગ્યાં.
આંબે મોર બેઠા,
ડાળે કોયલ કજી,
ને પાળે મોર ટૌક્યા,

પાંખ ફફડી ને પંખી ઊડ્યાં:
ચણ ચણવાને ને માળો કરવા.

ચકલી ઊડી,
ચકલો ઊડ્યો.
"ચકીબાઈ ક્યાં ચાલ્યાં!" "માળો કરવા."
"ચકારાણા ક્યાં ચાલ્યા!" "ચણ ચણવા."
"ચાલો ને ત્યારે માળો કરીએ?"
ચકલી માળો કરે છે;
ચકલો માળો કરે છે;
એક સળી લાવ્યાં,
બીજી સળી લાવ્યાં;
એક પીછું લાવ્યાં;
બીજું પીછું લાવ્યાં;
રૂ લાવ્યાં ને ઊન લાવ્યાં.
આમ મૂક્યું, તેમ મૂક્યું ને ગોળ મૂક્યું;
લાંબું મૂક્યું, નીચે મૂક્યું ને ઊંચે મૂક્યું.
આ....ને રૂપાળો માળો કર્યો!
ચકીબાઈએ તો ઈંડાં મૂક્યાં: એક, બે ને ત્રણ.
ધોળાં ધોળાં રૂ જેવાં.
ચકીબાઈ માળે બેસે;
ચકોરાણો ચણ લાવે.
સવાર પડી ને સૂરજ ઊગ્યો;

માળામાં તો બસ ચીંચીંચીં !
નાના નાના પગ ને નાની નાની ચાંચો;
ઝીણી ઝીણી આંખો ને પીળી પીળી પાંખો.
ચકલો આમ ઊડે ને ડોકું આમ હલાવે.
વસંત ગઈ ને ઉનાળો આવ્યો;
તડકો તપ્યો ને લૂ વાઈ.
નાનાંબચ્ચાં મોટાં થયાં, પાંખો આવીને ઊડી ગયાં.
ચકલી એકલી રહી, ચકલો એકલો રહ્યો.
ચકલી એકલી ચણે,
ચકલો એકલો ચણે;
ચકલી એકલી ઊડે,
ચકલો એકલો ઊડે,
ચકલી એકલી હતી, ચકલો એકલો હતો.

# લાવરી અને તેનાં બચ્ચાં

ખેતર હતું. ખેતરમાં જુવાર હતી. જુવારે જુવાર આવી હતી. કાપણીનો વખત થયો હતો.

લાવરી ખેતરમાં રહેતી હતી. નાનાં નાનાં એનાં બચ્ચાં હતાં; હજુ પૂરું ઊડી શકતાં ન હતાં.

ખેડૂત બોલતો સંભળાયો: "એ માધા! કાલથી કાપણી કરવાની છે. પરગામ જઈ દાડિયાં લઈ આવજે ને સાંજ પડયે કપાવી નાખજે."

બચ્ચાં કહે: "બા બા! કાલ તો બધું કપાઈ જશે. આપણે હવે ક્યાં રે'શું? ચાલ ને આપણે બીજે જઈએ?"

બા કહે: "કાપણીને હજી વાર છે."

બચ્ચાં સાંભળી રહ્યાં.

સવાર પડી ને લાવરી ચણવા નીકળી.

બચ્ચાં કહે: "બા! કાપણી...."

બા કહે: "આજે કાપણી નહિ થાય."

સાંજે લાવરી પાછી આવી. એવી ને એવી જુવાર ઊભી હતી.

બચ્ચાં કહે: "આજે તો કોઈ નો'તું.

આવ્યું."

બા કહે: "કોઈ આવવાનું જ નો'તું.'

ત્યાં ખેડૂત બોલતો સંભળાયો: "માધા! ત્યારે કાલે આપણા ગામનાં જ દાડિયાં લાવ ને? ઈ પરગામનાં દાડિયાંથી તો કાંઈ વળ્યું નહિ. પરગામનાં ઉપર તે શો ભરોંસો? પરગામ ઈ પરગામ!"

માધો કહે: "તો કાલે ગામનાં દાડિયાં લાવું."

ખેડૂત કહે: "પણ સાંજ પડ્યે કાપણી પૂરી થઈ જાય. એક સાંઠો ય ઊભો ન રહે."

માધો કહે: "હો."

ખેડૂત ઘેર ગયો; માધો ઘેર ગયો.

બચ્ચાં કહે: "બા! આપણે અહીંથી વયાં જઈએ. કાલે ખેતર ઉઘાડું થઈ જશે, પછી આપણાથી નહિ રહેવાય; ચાલો ને બા!"

બા કહે: "કાપણીને હજી વાર છે."

બચ્ચાં પાછાં સાંભળી રહ્યાં.

* * *

સવાર પડી ને લાવરી ચણવા ચાલી.

બચ્ચાં કહે: "બા! કાપણીવાળા આવશે તો?"

બા કહે: "આજે કાપણી નહિ થાય."

બચ્ચાંએ દી બધો કાપણીવાળાની રાહ જોઈ. એકે માણસ સરખ્યું નહિ; એક સાંઠો યે કપાણો નહિ.

બચ્ચાં કહે: "બાને ખબર કેમ પડી કે આજે કાપણી નહિ થાય?"

સાંજ પડી ને લાવરી ઘેર આવી; ખેતર એવું ને એવું હતું.

બચ્ચાં કહે: "બા! આજે ય કોઈ ના'તું આવ્યું."

લાવરી કહે: "ક્યાં કોઈ આવવાનું હતું!'

ત્યાં કણબી બોલ્યો: 'માધા! ત્યારે કાલે આપણી શેરીનાં જ દાડિયાં લાવ ને? ગામનાં દાડિયાં ઉપર શો આધાર? ગામનાં દાડિયાં ઈ ગામનાં દાડિયાં! ઈ કાંઈ આપણાં દાડિયાં થોડાં કહેવાય?"

માધો કહે: "ત્યારે કાલે શેરીનાં દાડિયાં લાવું. આપણી શેરીનાં—ઓલ્યો રઘુ ને ઓલી મીઠી, ને ઓલી સમરથ, ને ઓલી અવલ, ને ઓલ્યો પાંચો, ને ઓલ્યો ગોપો."

ખેડૂત કહે: "પણ કાલ સાંજે કાપણી પૂરી જ થાય; ખેતરમાં એકે સાંઠો ન હોય!"

માધો કહે : "હો."

ખેડૂત ઘેર ગયો; માધો ઘેર ગયો.

બચ્ચાં કહે : "બા! હવે તો આપણે વયાં જ જઈએ. એમ કરતાં કાપણી થઈ જશે ને આપણે બધાં રખડશું. ચાલો ને બા! વયાં જઈએ?"

બા કહે : "કાપણીને હજી વાર છે."

બચ્ચાં પાછાં સાંભળી રહ્યાં.

સવાર પડી ને પાછી લાવરી ચણવા ચાલી.

બચ્ચાં કહે : "આજે તો ઓલ્યાં શેરીવાળાં આવશે."

બા કહે : "આજે કાપણી નથી થવાની."

એમ કહી લાવરી ઊડી ગઈ.

સૂરજ ઊગ્યો, તડકો ચડ્યો, બપોર થયા; પણ કોઈ કાપવા માટે ન આવ્યું.

બચ્ચાંના મનમાં એમ કે હવે તો કો'ક આવશે જ ના?

રોંઢો થયો ને સાંજ પણ પડી. એક પણ દાડિયું ન દેખાયું.

ત્યાં લાવરી આવી. આવીને કહે : "કાં?"

બચ્ચાં કહે : "બા! આજે ય કોઈ આવ્યું નહિ!"

લાવરી કહે : "હજી આવવાને વાર છે."

ત્યાં કણબી બોલતો સંભળાયો : "એલા માધા ! તને કીધું નો'તું કે શેરીનાં દાડિયાં બોલાવીને કપાવી નાખજે ?"

માધો કહે : "પણ પટેલ ! ઈ આવે ત્યારે ને ? કહે અમારે આજે નથી આવવું."

પટેલ કહે : "એમાં કાંઈ નહિ વળે. ઈ શેરીનાં ઈ શેરીનાં ! કહેવાય આપણાં, પણ એમાં કાંઈ ન ઠર્યા. માધા !"

માધો કહે : "હં પટેલ."

પટેલ કહે : "કાલે તો આપણાં સગાંસંબંધીને બોલાવો. ઈ બધાં આપણાં ખરાં ને, એટલે ઝટ આવીને કામ કરશે. જોજે, કાલે સાંજે એકે ય સાંઠો ન રહે. ખેતર પાધરું થઈ જાય."

માધો કહે : "હો."

પટેલ ગયા; માધો પણ ગયો.

બચ્ચાં કહે : "બા ! ચાલ ને હવે. માળો ફેરવી નાખીએ ? કાલ તો પટેલનાં સગાં આવશે ને જરૂર કાપણી થશે. થવાની જ, હો !"

બા કહે : "હજી કાપણીને વાર છે; ઉતાવળાં મા થાઓ."

બચ્ચાં બાનું કહેવું સાંભળી રહ્યાં.

*     *     *

સવાર પડી ને લાવરી ચણવા ચાલી.

બચ્ચાં કહે: "બા! કાપણીવાળા આવશે તો?"

બા કહે: "આજે ય કાપણી નથી થવાની."

લાવરી ચણવા ઊડી ગઈ.

દી બધો વયો ગયો ને સાંજ પડી. કાપણી આપણી તો કાંઈ યે ન થઈ.

બચ્ચાં કહે: "બાને બધી બખર પડતી લાગે છે!"

ત્યાં બા આવી.

બચ્ચાં કહે: "બા! આજે ય કોઈ નો'તું આવ્યું."

બા કહે: "ક્યાં કોઈ આવવાનું હતું જ તે?"

ત્યાં કણબી બોલતો સંભળાયો: "માળું માધા! આ સગાંસાઈમાં યે કાંઈ ન વળ્યું! ઈ આપણે કામે ક્યાંથી નવરાં હોય? એને ય કામ હોય ના! પણ કાલે કાપણી થઈ જવી જોઈએ."

માધો કહે: "પણ કાલે લાવું કોને?"

પટેલ કહે: "કોને કેમ? બસ, હવે તો

આપણાં ઘરનાંને જ લાવ. જો, પટલાણી આવે, આપણી દીકરીયું આવે, ભીમો જમાઈ પણ આવે ને રામો ને ભગો પણ આવે. આપણાં ઘરનાં ક્યાં થોડાં છીએ? કાલ સાંજે ખલાસ! મારે હવે બીજો દી નથી કરવો."

માધો કહે: "હો."

પટેલ ઘેર ગયા; માધો પણ ગયો.

બચ્ચાં કહે: "બા! હવે તો ચાલ? કાલે તો કાપણી જરૂર થશે. પટેલ નો'તા કે'તા કે હવે મારે બીજો દી નથી કરવો? બા! હવે રે'વું સારું નહિ."

બા કહે: "કાલે તો કાપણી નથી જ થવાની."

બચ્ચાં બાની સામે જોઈ રહ્યાં.

*　　　　*　　　　*

સવાર પડી ને લાવરી ચણવા ચાલી.

બચ્ચાં કહે: "બા! કોઈ આવશે તો....? બા!"

બા કહે: "આજે કાપણી નહિ થાય; આજે તો નહિ જ થાય!"

દી બધો વયો ગયો; રોંઢો થયો ને સાંજ પડી. પણ સાચે જ કોઈ ન આવ્યું.

સંધ્યાટાણું થયું ને બા આવી.

બચ્ચાં કહે: "બા! આજે ય કોઈ નો'તું આવ્યું. તારું કહેવું બરાબર, હો!"

ત્યાં ખેડૂત બોલતો સંભળાયો: "એલા માધા! આ હું શું ભાળું છું? હજી તો જુવાર ઊભી છે! આજે ય કોઈ ન આવ્યું? કેમ ન આવ્યું?"

માધો કહે: "પટેલ! પટલાણીનો વાંસો દુખતો હતો; ને જમાઈ કે' કે ઈ મારાથી ન થાય; ને બેનો કે' આજે અમે નહિ આવીએ. હજી દાતરડાં બાતરડાં સમાં કરાવવાં છે."

પટેલ કહે: "માળું, આ તો રખડ્યું. માધા! ઈ એમાં આપણું કાંઈ નહિ વળે. આ આપણે જ કાલ આવીએ ને વાઢી નાખીએ, તો? આપણા હાથ ક્યાં ગામ ગયા છે? આપ મૂઆ વિના સરગે નહિ જવાય."

માધો કહે: "મારી એમાં ક્યાં ના છે? કો'તો ભળકડામાં આવું."

પટેલ કહે: "કાલે તું આવજે; કાલે હું ય આવીશ. કાલે સાંજે ખલાસ!"

પટેલ ગયા; માધો ગયો.

લાવરી કહે: "ચાલો બચ્ચાં! અત્યારે ને અત્યારે માળો ફેરવીએ."

બચ્ચાં કહે: "કાં? રોજની જેમ આજે ય નહિ થાય?"

લાવરી કહે: "ના. કાલે તો પટેલ ને માધો બેઉ પોતે જ આવશે. કાલનો આધાર કોઈના ઉપર નથી; કાલ તો ઈ જાતે કરવાના! કાલે હવે ન રહેવાય."

લાવરીએ માળો ફેરવવા માંડ્યો. બચ્ચાંએ પણ બે ચાર તણખલાં ઉપાડ્યાં. અધ ઘડીમાં લાવરી બીજા ખેતરમાં ફરી ગઈ.

* * *

સવાર પડી ને લાવરી ચણવા ગઈ.

બચ્ચાં કાપણીની રાહ જોવા લાગ્યાં.

ત્યાં તો પટેલ ને માધો દેખાયા. હાથમાં મોટાં મોટાં દાતરડાં ને ધારિયાં! કરડ કરડ જુવાર કાપવા માંડ્યાં ને સાંઠા ધડધડ હેઠે પડવા લાગ્યા.

બચ્ચાં કહે: "બા પણ ખરી છે! બાએ બરાબર કીધું."

સાંજ થઈ ત્યાં તો એકે જુવારનો સાંઠો ન મળે! ખેતર આખું પાધરું થઈ ગયું.

ત્યાં લાવરી આવી.

બા કહે: "કાં?"

બચ્ચાં કહે: "કાં શું, આજે તો તેં કીધું એમ જ થયું!"

બા કહે: "તે એમ જ હોય ના? પોતે કરવા બેસે ત્યાં કેટલી વાર? એ તો પારકો આધાર નકામો. પારકી આશા સદા નિરાશા!"

# પીપળો અને મોર

પીપળો હતો. મોટી બધી ડાળો હતી; ડાળે-ડાળે પાન હતાં. પવન આવે ને પાનેપાન હલે.

મોર હતો. ભરી લાંબી ડોક હતી. માથે મજાની કલગી હતી ને સુંદર મજાનાં પીંછાં હતાં.

રોજ સાંજ પડે ને મોર પીપળે આવે. પીપળો એનો રાતવાસો. રાત બધી ત્યાં બેસે. પવન આવે ને પીપળો ડોલે; પવન આવે ને મોર પણ ડોલે.

રાતના બંને ભેગા રહે ને મૂંગી મૂંગી વાતો કરે.

સવાર પડે ને મોર ઊડે. 'ટેહૂક, ટેહૂક!' પીપળાને કાંઈ કહેતો જાય ને ચણવા જાય.

પીપળો બિચારો એકલો. ક્યારે મોર આવે ને મારી ડાળે બેસે? ક્યારે મોર આવે ને ચાંચ એની ડાળે ઘસે? ક્યારે મોર આવે ને પાંખ એની ડાળે ધરે? ક્યારે મોર આવે ને પીછાં એનાં ડાળે રમે?

મોરને મન પીપળાનું ધ્યાન. ચણે તો ય મનમાં પીપળો, ને પાણી પીએ તો ય મનમાં

પીપળો. ક્યારે પીપળે જાઉં ને ડાળે બેસું ? ક્યારે પીપળે જાઉં ને પાંખ ખંખેરું ? ક્યારે પીપળે જાઉં ને ટૌકાં કરું ?

સાંજ પડે ને મોર આવે. ડાળે બેસે, પાંખ પસારે, પીંછાં હલાવે, રાતવાસો કરે ને મૂંગું મૂંગું હસે.

પાન બધાં ખરી જાય તો ય મોર પીપળાને ન છોડે; પીંછાં બધાં પડી જાય તો ય પીપળો મોરને બેસારે.

પાન બધાં નવાં આવે ત્યારે ય મોર પીપળે બેસે; પીંછાં બધાં નવાં નવાં આવે ત્યારે ય પીપળો મોરને બેસારે.

ટાઢ પડે તો યે શું ને વરસાદ પડે તો યે શું. પીપળા ઉપર મોર ને મોર નીચે પીપળો.

પીપળો ને મોર; મોર ને પીપળો. બેઉ જણની બેલડી.

કાગડા આજ આવે ને કાલ વયા જાય, કોયલે કાયમ ન રહે. કો'ક દી કાબર આવે તો કો'ક દી ચકલી આવે; પીપળાનાં એ મહેમાન. મોરનું કાંઈ એવું નહિ. ઈ તો બેઠો ઈ બેઠો. એ પીપળો ધાર્યો ઈ ધાર્યો.

પીપળાનાં પાન જાડાં થયાં; પાંચ ડાળી સુકાણી. મોરનાં પીછાં ખરવા માંડ્યાં; તેજરંગ ઝાંખો થયો.

પણ મોર પીપળાને ન છોડે ને પીપળો મોરને ન છોડે! પીપળા વિના મોરને ન ગમે, ને મોર વિના પીપળાને ન ગમે!

પીપળો ખખળી ગયો. મૂળ એનાં ઊખડવા માંડ્યાં; પાંદડાં થોડાં થઈ ગયાં; ડાળીઓ સુકાણી.

મોર બાંડો થવા આવ્યો. ફરી પીછાં ન ઊગ્યાં. ઘડપણ આવ્યું. ભૂંડોભૂખ દેખાય; ગળું ઘરડાઈ ગયું.

પણ પીપળો કહે: "આ તારાં બેસણાં ને તું મારો બેસનાર! જેવો તું, તેવો હું. આપણે જીવના જડ્યા!"

પવન આવ્યો; પીપળો ઊખડી પડ્યો. સૂકલ ઠૂંઠું તે કેટલા દિવસ રહે?

પવન આવ્યો; મોર ઊથલી પડ્યો. ઘરડુંખખ તે કેટલા દિવસ જીવે?

પીપળો સુકાઈ ગયો.

મોર મરી ગયો.

પીપળો હતો. મોર હતો.

# ઋષિ અને ચકલી

એક હતા ઋષિ. એનો હતો આશ્રમ. આશ્રમમાં એક ચકલી રહે. માળા બાંધે, ઈંડાં મૂકે, તણખલાં પાડે, ચરકયા કરે, ચીં ચીં ને ચકચક કર્યા કરે.

પણ ઋષિ ભલા માણસ. કોઈ દી કાંઈ બોલે નહિ. ચકલી અહીં માળો બાંધે તો ઋષિ પણે જાય; ચકલી ત્યાં માળો બાંધે તો ઋષિ બીજે જાય.

ચકલી આ ઠેકાણે બેસે ને ચરકે ને લંગોટી બગાડે તો ઋષિ ઓલે ઠેકાણે જઈને બેસે. ચકલી ત્યાં ચરકવા આવે તો ઋષિ વળી બીજે જઈને બેસે.

ઋષિ કોઈ દી બોલે નહિ. ભલે ને ચકલી દર્ભાસનમાંથી દર્ભ લઈ જાય! ભલે ને ચકલી કમંડળમાંથી પાણી પી જાય! ભલે ને ચકલી ઋષિ સૂઈ જાય ત્યારે તણખલાં છે એમ ધારીને દાઢી ખેંચી જાય! ઋષિને કાંઈ બોલવું છે?

ઋષિ તે ઋષિ. ધ્યાન ધરે ને આનંદ કરે. કાંઈ બોલે નહિ. બોલીને ય શું કરે? અજ્ઞાન ચકલી! એ કાંઈ માણસ છે તે સમજાવે? કાંઈ ઢોર

છે તે હાકલો કરે?

તો ય ઋષિ બહુ ભલા. માળામાંથી ઈંડું પડી જાય તો સાચવીને ઉપર મૂકી દે. ચણીને ચકલી વે'લી મોડી આવે ત્યાં સુધી ઋષિ ઝૂંપડી બંધ ન કરે. ચકલીનો માળો ખરી જાય તો ઋષિ પોતે જ તણખલાં લાવીને એને ગોઠવી દે. બચ્ચાં થાય ત્યારે રોજ ઋષિ ખબર કાઢે, હાથ ફેરવે ને નવી ચાંચમાં નાની નાની ચણ નાખે.

પણ ચકલી ગાંડી. ઋષિને કનડ્યા કરે. સમજે નહિ કે ઋષિ ભલા છે એટલે એમ ન કરીએ. લહેરમાં આવે તો ઋષિ સાથે બેસે; કાં તો ખોળામાં બેસે, કાં તો હાથે બેસે; સંધ્યા કરવા બેસે તો નાકે બેસે! ઋષિ શ્લોક બોલે તો ચકચક કરે. ઋષિ તો હસે ને કહે: "ગાંડી ચકલી, મૂરખ ચકલી, નાદાન ચકલી!"

પણ ઋષિ ચકલીને કાઢી ન મૂકે. ચકલી મોડી આવે તો ઋષિ બહાર જઈને આમતેમ જુએ: "ચકલી ક્યાં ઊડી ગઈ હશે? કોઈ બાજે મારી તો નહિ નાખી હોય ને? ચણબણ તો મળી હશે ને?"

આવડા મોટા ઋષિ, પણ ચકલીની ખબર

રાખે. આવડી નાની ચકલી પણ ઋષિને હસાવે ને રમાડે. ઋષિ કહે: "ઠીક છે; આ એકલા રહ્યાં જપ તપ ને ધ્યાન કરવું તે થોડીક ગડબડ તો જોઈએ ને? થોડીક ચક્ચક ચાલે ને? ભલે ને બિચારી ચરકે? ભલે ને બિચારી જટામાંથી વાળ લઈ જાય!"

ચકલી પણ ખરી. ઋષિ ખિજાય ને ચકલીને કાઢી મૂકે, તો ય ચકલી પાછી ઝૂંપડીમાં પેસી જાય. ઋષિ ચકલીની સામે ય ન જુએ, તો ય ચકલી ગીત ગાય. ઋષિ ખાવા ય ન આપે તો ય ચકલી ઋષિના દાણા ખાઈ જાય!

એક હતી ચકલી; એક હતા ઋષિ. એની આ વાત છે.

# ચકો ને ચકી

એક હતી ચકલી ને એક હતો ચકલો. ચકલી લાવી તણખલાં ને ચકલો લાવ્યો દોરા.

દોરા અને તણખલાંનો ચકાચકીએ માળો બાંધ્યો : રૂપાળો ગોળ અને ઊંડો. મહીં ચકલીએ પીંછાં મૂક્યાં; મહીં ચકલીએ રૂ પાથર્યું. માળો કાંઈ રૂપાળો ને હૂંફાળો!

ચકી ને ચકો સવાર પડે ને બેઉ જણ ચણવા જાય; સાંજ પડે ને બેઉ પાછાં આવે; રાત પડે ને માળે ભરાઈ સૂઈ રહે.

એમ કરતાં ચકલીએ ઈંડાં મૂક્યાં; એક, બે ને ત્રણ ઈંડાં. રૂપાળાં ને ધોળાં ને ઉપર કાળાં કાળાં ટપકાં. ચકીચકો તો કાંઈ હરખાય! "આહાહાહા! આપણાં કાંઈ ઈંડાં છે? ઈંડાંમાંથી બચ્ચાં થશે ને બચ્ચાં પાંખે ઊડતાં થશે!"

ચકલી કહે: "ચકારાણા! તમે જાઓ ચણ લેવા, હું ને ઈંડાં સેવું. જોજો, સાચવીને જજો ને સાંજે વે'લા આવજો."

ચકલો તો રોજ ચણ લેવા જાય. દી બધો

ચણે ને સાંજ પડ્યે પાછો વળે. ચાંચમાં ચકીબાઈને ખવરાવે, ને રોજ રોજ પૂછે: "કાં ઈંડું ફૂટ્યું ? કાં બચ્ચું નીકળ્યું ?"

પાંચ દસ દિવસો નીકળી ગયા. ચકલો રોજ જેમ આજે પણ ચણ ચણવા નીકળ્યો. ચકલી કહે: "વે'લા આવજો."

ચકલો કહે: "હો."

એક રૂપાળું એવું ખેતર હતું. ચકલો ત્યાં ચણતો હતો, નાનાં છોકરાં રમતાં હતાં.

ગંગા કહે: "આ જુઓ, રૂપાળો ચકલો છે કાંઈ! કેવી સરસ આંખ છે, ને કેવી મજાની પાંખ છે! ને ચણુક ચણુક કેવું સારું બોલે છે! ચાલો ને આપણે ચોખા નાખીએ?"

ચંદુ દોડ્યો ને ઘરમાંથી બે મૂઠી ચોખા લઈ આવ્યો.

ચકલો ચણુક ચણુક કરતો જાય, ને ચોખા ચાંચમાં લેતો જાય.

કોઈને ખબર નહિ કે બિલ્લીબાઈ આવ્યાં હશે. છોકરાં તો સહુ ચકલાને જોતાં હતાં ને ચોખાના દાણા નાખતાં હતાં. એક કૂદકો માર્યો ને બિલ્લીબાઈએ ચકલાભાઈને પકડ્યા!

ગંગા કહે: "ચંદુ, એ ચંદુ! દોડ દોડ, બિલ્લીએ ચકલો પકડ્યો! બિચારો મરી જશે."

બિલાડી પાળેલી હતી. ચંદુએ બિલ્લીને ઝટદઈને પકડી લીધી ને ચકાભાઈને મોંમાંથી છોડાવ્યા. ચકાભાઈ બચી ગયા! તો ય ચકાભાઈને લાગેલું તો ખરું; જરાક બિલ્લીબાઈના દાંત પણ બેઠેલા!

ગંગાએ બિલ્લીને કાઢી મૂકી; ચકા ઉપર પાણી રેડ્યું. ચકાને કળ વળી ને ધીમે ધીમે કરતો ઊડી ગયો.

સાંજ પડી ને ચકો ઘેર આવ્યો. ત્યાં તો ઈંડામાંથી બચ્ચું નીકળેલું! માળામાં ચૂં ચૂં થતું 'તું. ચકો તો રાજી રાજી થઈ ગયો. લાગ્યું હતું એ તો ક્યાંઈ ભૂલી ગયો! ચકલો તો ચાંચમાં ચાંચ નાખી ખવરાવવા લાગ્યો ને રમાડવા લાગ્યો.

પછી ચકલી-ચકલો બચ્ચા પાસે બેઠાં.

ચકલીએ ઈંડું કેમ ફૂટ્યું ને બચ્ચું કેમ નીકળ્યું એની બધી વાત કરી; ને ચકલાએ બિલ્લીબાઈની ને ગંગા-ચંદુની વાત કરી.

ચકલી કહે: "ગંગા-ચંદુ બહુ સારાં! છોડાવ્યા હોત મારી જ નાખત ને?"

ચકલો કહે: "હા સ્તો; ગંગા-ચંદુ તો બહુ ભલાં!"

પછી ચકો-ચકી બચ્ચાને વચ્ચે રાખીને ઊંઘી ગયાં.

ખાધું, પીધું ને મોજ કરી.

## સવાર પડે ને બા દાણા વેરે

સવાર પડે ને બા દાણા વેરે.

પક્ષી બધાં ચણવા આવે. કાગડો યે આવે ને કોયલે આવે; કાબરે આવે ને હોલું યે આવે; ચકલી યે આવે ને લેલું યે આવે. લાંબી ડોકે મોર પણ આવે.

દાણા ચણે, પાણી પીએ ને ભરરર્ કરતાં ઊડી જાય.

બાને રાંધવું હોય. બાપા લખતા હોય, ભાઈ પાઠ કરે, નાની બ્હેન પાણી ભરે.

રમુ એક નવરો. ઈ સાવ નાનો ખરો ને? હજી ભણવા યે ક્યાં જાય છે?

એ....ને ઓટલે બેસવું ને નવું નવું જોવું.

બકરાંનો ગોવાળ નીકળે. આમ બે હાથે લાકડી રાખે; ટક ટક કરે ત્યાં બકરેબકરું દોડે! બેં બેં કરતું જાય ને પૂંછડી હલાવતું જાય. બોર-

ડીનાં બોર ખાતું જાય ને આવળનાં ફૂલ સંઘતું જાય.

ત્યાં તો ગાયોનો ગોવાળ નીકળે. મોઢા આગળ ગાયો ને વાંસે એનો ગોવાળ. ગાય ભેં ભેં ભાંભરે વાછરડું પાછળ દોડે. ગાય ડોક હલાવે ત્યાં ટોકરી ટન્ ટન્ વાગે.

ગાડાવાળા જાય, ઘોડાવાળા જાય, ખેતરવાળા જાય, દૂધવાળા જાય, બધા ય નીકળે.

રમુ તો બેઠા બેઠા જુએ. પાણી પીવું હોય તો પાણી પી આવે; ભૂખ લાગી હોય તો કાંઈક લઈ આવે.

બપોર થાય. તડકો પડે, ને લૂ વાય. બા ઊંઘી જાય, બાપા કામે જાય, ભાઈબહેન ભણવા જાય. રમુને નહિ કામ કે નહિ કાજ! રમુને ઊંઘે ન આવે.

એને તો એક ઓશરીની કોરે બેસવું ને જોવું ગમે.

પણ ખરા બપોરે કોણ નીકળતું'તું ? કાં તો એકાદું ખડનું ગાડું નીકળે, કે કાં તો નીકળે ખોખલો એકો, કે એકલદોકલ ડોસો ! બીજું કોણ

નીકળે, ખરા બપોરે ?

હા, ચૂલા ઉપર મીંદડી ઘોરતી હોય; છાંયમાં કૂતરો હાંફતો હોય; માખી બણબણતી હોય ને હોલો ઘૂઘવતો હોય; ઈ બધું જોવાનું ને સાંભળવાનું. બધું ખાલીખમ લાગે.

સાંજ પડે; તડકા નમે. બા ચૂલો સંધરૂકે. ભાઈબહેન ભણીને આવે. બાપા ગામમાંથી આવે; કાંઈક ખાવાનું યે લાવે. પાછી ગડબડ ગડબડ થવા માંડે.

સીમમાંથી ગાયો વળે; ખેતરેથી કણબી વળ; નદીએથી પાણીઆરી વળે. ઘરભણી સૌ પાછાં જાય.

ચકલી માળે જાય, મોર ડાળે જાય, દૂધવાળી દૂધ લાવે, કામવાળી ઘેર જાય.

દેવમંદિરે આરતી થાય, તુલસીક્યારે દીવો થાય; સંધ્યાટાણું પૂરું થાય.

રાત પડે. બહાર અંધારું; ઘરમાં દીવો.

બાએ વાળું કરાવ્યું, બાપાએ રમાડ્યા, ભાઈએ નચાવ્યા, બહેને વાર્તા કીધી.

બા સૂઈ ગયાં, બાપા સૂઈ ગયા, બહેન સૂતી, ભાઈ સૂતો; રમુ યે સૂઈ ગયો.

* * *

સવાર પડે ને બા દાણા વેરે.

પક્ષી બધાં ચણવા આવે. કાગડો યે આવે ને કોયલે આવે; કાબરે આવે ને હોલું યે આવે; ચકલી યે આવે ને લેલું યે આવે; લાંબી ડોકે મોર પણ આવે.

## જ્ઞાન સાથે માહિતી અને મનોરંજન

પૂરું પાડતી

# નગર ગ્રંથાવલિ

લેખક : ધીરજલાલ ગજ્જર

- દિલ્હી
- કલકત્તા
- મુંબઈ
- મદ્રાસ
- અમદાવાદ
- શ્રીનગર
- લખનૌ
- જયપુર
- બેંગલોર
- હૈદરાબાદ
- પટના
- ભોપાલ
- ત્રિવેન્દ્રમ
- ભુવનેશ્વર
- ચંડીગઢ
- શિલોંગ

[ દરેકના ૫૦ પૈસા ]

નૂતન ભારતનાં પંદર રાજ્યોનાં પંદર પાટનગરો અને રાષ્ટ્ર-રાજધાની દિલ્હી વિશે —ત્યાંનાં અવનવાં સ્થળો વિશે વૈવિધ્યભરી માહિતી આપતી—

આકર્ષક રંગોમાં અને ખાસ મોટા અક્ષરે છપાયેલી—

જોવા લાયક સ્થળોનાં રંગીન ચિત્રો વડે શણગાર પામેલી—

સુંદર બહુરંગી મુખપૃષ્ઠ ધરાવતી—

અમારી આ નવી આકર્ષક ગ્રંથાવલિ જ્ઞાન-સાથે માહિતી અને મનોરંજન પૂરું પાડે છે. બાળકોને ઘેર બેઠાં સાચી મુસાફરી કર્યાનો આનંદ આપે છે.

[ સેટનું મૂલ્ય રૂ. ૮—૦૦ ]

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ—૨

# ઉત્તમ બાલ–કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ … … | સેટના … | ૧૦–૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧–૨ … … | ,, … | ૨–૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) … | ,, … | ૪૦–૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) … | ,, … | ૧૪–૦૦ |
| બાલસાહિત્ય વાટિકા–૧ (૩૨ પુસ્તકો) | ,, … | ૪૨–૫૦ |
| બાલસાહિત્ય વાટિકા–૨ (૧૬ પુસ્તકો) | ,, … | ૨૩–૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧–૨ | ૪–૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨–૫૦ |
| રખડુ ટોળી … | ૫–૦૦ | ભગવાન બુદ્ધ … | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) … | સેટના … | ૨૦–૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) … | ,, … | ૧૨–૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧–૨ | ,, … | ૫–૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭–૫૦ | ભાગવતકથાઓ | ૩–૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ … | ૩–૫૦ | પાતાળ પ્રવેશ … | ૨–૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૬–૦૦ | ખજાનાની શોધમાં | ૩–૦૦ |

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| બાલરંજનમાળા…લે૰ શ્રીકાન્ત ત્રિવેદી … | સેટના | ૧૫–૦૦ |
| સુબોધ ગ્રંથાવલિ…લે૰ જીવરામ જોષી … | ,, | ૧૦–૦૦ |
| સોટી–પોઠી (૩૦ પુસ્તકો) લે૰ ધનંજય શાહ | ,, | ૪૭–૫૦ |
| જ્ઞાન–વિજ્ઞાન ગ્રંથાવલિ…લે૰ ગિરીશ ગણાત્રા | ,, | ૭–૫૦ |
| નગર ગ્રંથાવલિ…લે૰ ધીરજલાલ ગજ્જર … | ,, | ૮–૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨ અમદાવાદ–૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ